# બિહારના આરા જિલ્લામાં પ્રચંડ બોમ્બ બ્લાસ્ટ

## સિવિલ કોર્ટના પ્રાંગણમાં બ્લાસ્ટ : ૩ના મોત : અનેક ઘાયલ

નવીદિલ્હી,તા. ૨૩

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની ભારત યાત્રાએ પહોંચે તે પહેલા જ સઘન સુરક્ષા હોવા છતાં આજે બિહારના આરા જિલ્લામાં સિવિલ કોર્ટના પ્રાંગણમાં પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. આ બોંબ બ્લાસ્ટમાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા છે જ્યારે અન્ય અનેક લોકો ઘાયલ થયા છે. ઘાયલોની સંખ્યા પ્રાથમિક રીતે ૧૬ આપવામાં આવી છે. ઘાયલો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધે તેવા સંકેત છે. આ પ્રચંડ બ્લાસ્ટમાં એક કોન્સ્ટેબલનું પણ મોત થયું છે જ્યારે અન્ય ૧૬ લોકો ઘાયલ થયા છે. પ્લાસ્ટ બાદ બે કેદી ફરાર થઈ ગયા છે. પોલીસે વિસ્ફોટ પાછળના કારણોમાં માહિતી મેળવવા ઉંડી તપાસ હાથ ધરી છે. ગૃહ મંત્રાલય દ્વારા રાજ્ય સરકાર પાસે રિપોર્ટની માંગ કરી છે. એનઆઈએની ટુકડી ઘટના સ્થળે પહોંચી ગઈ છે. રિપોર્ટ મુજબ એક સાક્ષીએ માહિતી આપતા કહ્યું હતું કે, આજે કોર્ટ સંકુલમાં એક મહિલા પોતાના બેગમાં બોંબ લઈને પહોંચી હતી. મહિલા એક કેદીને મળવા માટે આવી હતી ત્યારે જ બેગમાં બ્લાસ્ટ થઈ ગયો હતો. આ બ્લાસ્ટમાં મહિલા સહિત ત્રણલોકોના મોત થયા હતા. જ્યારે અન્ય ૧૬ લોકો ઘાયલ થઈ ગયા હતા. પોલીસ વિસ્ફોટો પાછળના કારણોમાં અને આતંકવાદી હુમલાના પાસાઓની ચકાસણીમાં વ્યસ્ત છે. ગૃહમંત્રાલયના સૂત્રોનું કહેવું છે કે, આરા બ્લાસ્ટ પાછળ કોઈ મોટુ કાવતરું હોઈ શકે છે. મહિલા જ્યારે લોકઅપ તરફ જઈ રહી હતી ત્યારે કોન્સ્ટેબલે રોકવાના પ્રાયસ કર્યા હતા. કોન્સ્ટેબલ દ્વારા રોકવાના પ્રયાસ કરાતા બ્લાસ્ટ થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ભોજપુર જિલ્લા મુખ્યાલય આરા છે. અને પાટનગર પટણાથી માત્ર ૫૫ કિલોમીટરના અંતરે છે. આરાની સિવિલ કોર્ટમાં કેદીઓને રજૂ કરવા માટે લાવવામાં આવે છે. નકસલીઓની પણ અહીં હાજરી હોય છે.

સાક્ષીઓએ કહ્યું છે કે, પર્સમાં ક્રૂડ બોંબ છુપાવીને આ મહિલા કોર્ટ સંકુલમાં પ્રવેશી હતી. બ્લાસ્ટના કારણે અન્ય બેની સાથે તેનું પણ મોત થયું હતું. મહિલાની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. કેદીને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવે તે પહેલા બ્લાસ્ટ થયો હતો. મૃતકમાં એ બિહાર પોલીસ કોન્સ્ટેબલ સામેલ છે. ઘાયલ થયેલા ૧૬ લોકો પૈકી તમામને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બ્લાસ્ટના સ્વરુપ અંગે તપાસ ચાલી રહી છે. ફોરેન્સિક પુરાવા એકત્રિત કરાઈ રહ્યા છે. બ્લાસ્ટ બાદ સિવિલ કોર્ટના તમામ બહાર જવાના રસ્તા બંધ કરાયા હતા. ભૂતપૂર્વ ગૃહસચિવ અને આરાના સાંસદ આરકે સિંહ આ બનાવમાં ત્રાસવાદી એંગલનો ઈન્કાર કર્યો છે. તેમણે કહ્યું છે કે, કેટલાક કુખ્યાત ગુનેગારોને છોડાવવાનો આની પાછળ હેતુ હતો. બિહારના રાજ્યપાલ પાસેથી અહેવાલની માંગ કરાઈ છે.






### દેશમાં એલર્ટ વચ્ચે બ્લાસ્ટ બાદ સુરક્ષા વધારે મજબૂત

નવીદિલ્હી,તા. ૨૩

સમગ્ર દેશમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીને લઈને એલર્ટની જાહેરાત કરવામાં આવી છે ત્યારે આજનો બ્લાસ્ટ થયો હતો જેથી સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવામાં આવી રહી છે. અસામાજિક તત્વો અને આતંકવાદી સંગઠનો હાલ ખલેલ પહોંચાડવાની તૈયારી કરી રહ્યા છે. ઈન્ટેલીજન્સ બ્યુરોના અહેવાલ બાદ મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઓરિસ્સા અનેઉત્તર પ્રદેશ સહિત ચાર રાજ્યોમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી ચુકી છે. અહેવાલ મુજબ પાકિસ્તાનમાં સક્રિય રહેલા આતંકવાદીઓ જાન્યુઆરી મહિનામાં મોટો હુમલો કરી શકે છે. પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જમાત ઉદ દાવા, જેશે મોહમ્મદ, હિઝબુલ મુઝાહિદીન જેવા સંગઠનોએ ચોક્કસ વિસ્તારમાં ભીષણ હુમલા કરવા માટે ભારતમાં ચાર ગ્રુપમાં ત્રાસવાદીઓને મોકલ્યા છે. આઈબીના અહેવાલના એક દિવસ બાદ આરા જિલ્લામાં કોર્ટ સંકુલમાં બ્લાસ્ટ થયો હતો. જો કે, હાલમાં આ કોઈ આતંકવાદી હુમલો હોવાના અહેવાલને સમર્થન મળી રહ્યું નથી. પરંતુ

## પ્રજાસત્તાક દિવસ : મોદીના ડ્રીમ પ્રોજેક્ટો ખાસ દેખાશે

નવી દિલ્હી,તા. ૨૩

દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની ઐતિહાસિક અને ભવ્ય ઉજવણીની શાનદાર તૈયારી ચાલી રહી છે. આ વખતે પ્રજાસત્તાક દિવસના પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટો અને ભાજપ શાસિત રાજ્યોની ઝાંકીઓ મુખ્ય રીતે છવાયેલી રહેશે. પરેડમાં મોટા ભાગે બિન ભાજપ શાસિત રાજ્યોને સામેલ કરવામાં આવનાર નથી. બિહાર, તમિળનાડુ, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, કેરળ અને દિલ્હીની ઝાંકિયાઓ જોવા મળશે નહી. ભારત સરકારના મેક ઈન ઈન્ડિયા નિતીના પ્રતિક સમાન બની ગયેલા એક મોટા મશીની સિંહ, કર્ણાટકના લોકપ્રિય લાકડાના રમકડા, સરદાર પટેલની સ્ટેચ્યુ ઓફ લિબર્ટી યુનિટીની પ્રતિમા, બુલેટ ટ્રેન અને બાળકી સુરક્ષા અને સિક્ષા જેવા ખાસ વિષયના પ્રતિક જોવા મળશે. આની સાથે સંબંધિત ઝાંકીઓ જ જોવા મળનાર છે. પરેડમાં આ વખતે કુલ ૨૫ ઝાંકીઓ સામેલ કરવામાં આવનાર છે. જેમાં ૧૬ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાંથી રહેશે. આ વખતે રાજપથ પર પોતાની હાજરી પુરવાર કરનાર રાજ્યોમાં આસામ, ગોવા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, જમ્મુ કાશ્મીર, હરિયાણા, ગુજરાત અને મહારાષ્ટ્ર સામેલ રહેશે. તાજેતરમાં જ નવા રચવામાં આવેલા રાજ્ય તેલંગાણાની હાજરી પણ ખાસ ધ્યાન ખેંચે તેવી શક્યતા છે. ૬૬માં પ્રજાસત્તાક દિવસ પર આયોજિત પરેડમાં મેક ઈન ઈન્ડિયા ઉપરાંત મોદી સરકારની જન ધન યોજના અને બેટી બચાવો બેટી પઢાઓ યોજનાની ઝાંકી પણ જોવા મળનાર છે. સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ કહી ચુક્યા છે કે દેશના વિવિધ અને પ્રભાવશાળી સાંસકૃતિક વિરાસત રજૂ કરવામાં આવનાર છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા ખાસ મહેમાનતરીકે આ વખતે હાજર રહેનાર છે. આવી સ્થિતીમાં આ વખતે જોરદાર આયોજન કરવામાં આવ્યું છે.

## મોદીની જેમ કિરણ બેદી પણ દિલ કી બાત કરવા તૈયાર

નવીદિલ્હી,તા. ૨૩

દિલ્હી ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર કિરણ બેદી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પગલે આગળ વધી રહ્યા છે. મોદીએ મન કી બાતની શરૂઆત કરી છે ત્યારે હવે કિરણ બેદીએ દિલ કી બાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. કિરણ બેદીએ કહ્યું છે કે, જો તેઓ દિલ્હીના મુખ્યમંત્રી બનશે તો લોકો સાથે વાતચીત કરવા માટે અને સતત સંપર્કમાં રહેવા માટે રેડિયો મારફતે દિલ કી બાત કરશે. કિરણ બેદીએ આ જાહેરાત કર્યા બાદ ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. બેદીએ કહ્યું છે કે, મુખ્યમંત્રી તરીકે પસંદગી કરાશે તો તેઓ પણ મોદીની જેમ જ રેલીઓના માધ્યમનો ઉપયોગ કરશે. દિલ કી બાત નામથી શો રેડિયો ઉપર પ્રસારિત કરાશે. કિરણ બેદી આ વખતે પૂર્વીય દિલ્હીના કૃષ્ણનગરમાંથી ચૂંટણી લડી રહી છે. બેદીએ ચૂંટણી એજન્ડામાં મહિલા સુરક્ષાને સૌથી મહત્વ આપ્યું છે. કાર્યક્રમ દરમિયાન બેદીએ કહ્યું હતું કે, દર મહિને દિલ્હીમાં સુરક્ષાની સમીક્ષા કરવામાં આવશે. આ બાબત જાણવાના પ્રયાસ થશે કે સુરક્ષામાં ક્યાં ખામી દેખાઈ રહી છે. સાથે સાથે સુરક્ષા સાથે જોડાયેલા મામલામાં તમામ પગલા લેવાશે. બેદીએ કહ્યું હતું કે, ૧૬મી ડિસેમ્બરની ગેંગરેપ ઘટના બાદ તેઓએ આ સંબંધમાં આયોજિત અનેક બેઠકોમાં ભાગ લીધો હતો. થોડાક સમય પહેલા જ પૂર્વ મુખ્યમંત્રી દ્વારા પણ એવી વાત કરવામાં આવી હતી કે, પોલીસની સાથે સંકલનનો અભાવ દેખાઈ રહ્યો છે.




તેઓ પોતે આવી પેનલમાં કામ કરી ચુક્યા છે. સરકાર અને પોલીસ તંત્ર સાથે મળીને કામ કરે છે. તાલમેલ તુટવાની સ્થિતિમાં સામાન્ય લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીને લઈને તમામ તૈયારીઓ ચાલી રહી છે ત્યારે આ અંગેની માહિતી સપાટી ઉપર આવી છે. દિલ્હી ચૂંટણીમાં તમામ પક્ષો પોતપોતાની તમામ તાકાત લગાવી ચુક્યા છે. ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. દિલ્હીમાં સાતમી ફેબ્રુઆરીના દિવસે મતદાન થનાર છે.

## પદ્મ એવોર્ડના નામની જાહેરાત થઈ નથી : સરકારનો ખુલાસો

નવીદિલ્હી, તા. ૨૩

ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, બોલીવુડ સ્ટાર અમિતાભ બચ્ચન, શ્રીશ્રી રવિશંકર, યોગગુરુ બાબા રામદેવ, સુપર સ્ટાર રજનીકાંતને પદ્મભૂષણથી સન્માનિત કરાશે તેવા અહેવાલ આવ્યા બાદ કેન્દ્રીય ગૃહમંત્રાલયે કહ્યું છે કે, આ અહેવાલ માત્ર અટકળ સમાન છે. સરકારે કોઈ નિર્ણય કર્યો નથી.



આ પુરસ્કારોની સત્તાવાર જાહેરાત ૨૫મી જાન્યુઆરીના દિવસે કરાશે. અડવાણી અને અકાળી દળના પ્રમુખ તથા પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલને બીજા સૌથી મોટા સન્માન પદ્મવિભૂષણથી સન્માનિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મિડિયામાં જણાવવામાં આવ્યું છે કે, અહેવાલ અંગે નિર્ણય લેવાઈ ચુક્યો છે. ૨૫મી જાન્યુઆરીના દિવસે માત્ર યાદી જારી કરવામાં આવનાર છે. સરકારે ટ્વિટ કરીને આ અંગેની માહિતી આપી છે. યોગગુરુ બાબા રામદેવ, શ્રીશ્રી રવિશંકર, મહાનાયક અમિતાભ બચ્ચન, દિલીપકુમાર, રજનીકાંતને પદ્મભૂષણ આપવાનો નિર્ણય સરકારે કર્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી ૧૩૬ લોકોની યાદીમાં રાજકીય ક્ષેત્રમાંથી અડવાણી, પ્રકાશસિંહ બાદલ બે વ્યક્તિ છે જ્યારે રમતગમતમાંથી હોકીના કેપ્ટન સરદાર સિંહ, બેડમિંટન ખેલાડી પીવી સંધુ, શતરંજ ખેલાડી શશીકરણ, કુસ્તીબાજ સુશીલકુમાર, તેમના કોચ સતપાલસિંહ, અભિનેતા દિલીપકુમાર, એડ ગુરુ પ્રસૂન જોશી, પટકથાકાર સલીમ ખાન, ફિલ્મ નિર્માતા સંજય લીલા ભણસાલી પણ યાદીમાં સામેલ છે. જ્યારે મિડિયાના ક્ષેત્રમાંથી હરિચરણ વ્યાસ, રજત શર્મા, સ્વર્ગસ્થ અભિનેતા પ્રાણને પણ સન્માન આપવામાં આવે તેવી શક્યતા છે.

**ઇસ્લામિક સ્ટેટ સંગઠન સામે જોરદાર કાર્યવાહી**

## અમેરિકાના હવાઈ હુમલામાં ૬૦૦૦ જેહાદીના મોત થયા

વોશિંગ્ટન,તા. ૨૩

અમેરિકાએ ઇસ્લામિક સ્ટેટ પર ભીષણ હવાઇ હુમલા જારી રાખ્યા છે. અમેરિકાના હવાઇ હુમલામાં હજુ સુધી ઇસ્લામિક સ્ટેટને ભારે નુકસાન થયું છે. હુમલામાં હજુ સુધી આશરે છ હજાર જેહાદીઓ માર્યા ગયા છે. પેન્ટાગોનના પ્રમુખ ચુક હેગલે માહિતી આપતા કહ્યું છે કે માર્યા ગયેલા જેહાદી ત્રાસવાદીઓની સંખ્યાના આધાર પર યુદ્ધની પ્રગતિ અંગે અંદાજ મુકી શકાય નહી. અમેરિકાએ ઇરાક અને સિરિયામાં આઇએસના અડ્ડા પર ભીષણ હુમલા જારી રાખ્યા છે. આ હુમલામાં માર્યા ગયેલા લોકોની સંખ્યા અંગે સૌથી પહેલા ઇરાકમાં અમેરિકી રાજદુત સ્ટુઅર્ટ જોન્સ દ્વારા ગુરૂવારે માહિતી આપવામાં આવી હતી. આ નિવેદન બાદ અમેરિકી સુરક્ષા અધિકારીઓને જોન્સના આંકડા અંગે માહિતી આપવામાં આવી હતી. યુદ્ધ કયા દોરમાં છે તે અંગે વાત કરવી હાલમાં ખુબ મુશ્કેલ છે. જો કે અમેરિકા દ્વારા જે આંકડા જારી કરવામાં આવ્યા છે તેમાં આ બાબતની સાબિતી મળતી નથી કે જે છ હજાર લોકોની વાત કરવામાં આવી રહી છે તેમાં જેહાહી લોકો કેટલાક છે અને સામાન્ય લોકો કેટલા છે. પરંતુ હાલ તમામને જેહાદી તરીકે માની લેવામાં આવે તો કહેવામાં આવી શકે છે કે ખતરનાક ત્રાસવાદી સંગઠન આઇએસના ૨૦થી ૩૦ ટકા ત્રાસવાદીઓનો સફાયો કરવામાં આવી ચુક્યો છે.

અમેરિકી જાસુસી સંસ્થા સીઆઇએનો અંદાજ છે કે આઇએસના ૨૦ હજારથી ૩૧૫૦૦ જેટલા જેહાદીઓ હાલ જંગ ખેલી રહ્યા છે. આઇએસે ઇરાક અને સિરિયાના કેટલાક ભાગોમાં પ્રભુત્વ મેળવ્યું છે. સાથે સાથે આ સંગઠનમાં હવે અલ કાયદાના ત્રાસવાદીઓ પણ સામેલ થઇ રહ્યા છે. જો કે આ અહેવાલોને ક્યારેય સમર્થન મળતુ નથી.

## ડોલર વિરૂદ્ધ રૂપિયો ૨૭ પૈસા મજબૂત થઈને બંધ

મુંબઈ,તા. ૨૩

યુરોપિયન સેન્ટ્રલ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલા સ્ટીમ્યુલસ પગલાના પરિણામ સ્વરુપે તેની સીધી અસર રૂપિયા ઉપર પણ થઈ હતી. અમેરિકી ડોલર સામે રૂપિયો ૨૭ પૈસા ઉછળીને બંધ રહ્યો હતો. અથવા તો ૦.૪૪ ટકા ઉછળીને ૬૧.૪૪ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો ગઈકાલે ૬૧.૭૧ની સપાટીએ રહ્યો હતો. આજે કારોબારના અંતે સેંસેક્સ ૨૭૩ પોઈન્ટ ઉછળીને ૨૯૨૭૯ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૭૪ પોઈન્ટ ઉછળીને ૮૮૩૬ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સ અને નિફ્ટી બંને ઈન્ટ્રા ડે દરમિયાન નવી ઉંચી સપાટી પર પહોંચ્યા હતા. એફઆઈઆઈ પ્રવાહ પણ જોરદારરીતે જારી રહ્યો છે. શેરબજાર અને યુરોપિયન બજારમાં તેજીની સીધી અસર રૂપિયા ઉપર પડી હતી.

## સુરક્ષા વેબ પોર્ટલ શરૂ કરવાનો સરકારનો નિર્ણય

નવી દિલ્હી, તા. ૨૩

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહે હવે વેબ પોર્ટલ શરૂ કરવાનો નિર્ણય લીધો છે, જે સુરક્ષા ક્ષેત્ર સાથે સંબંધિત વેબ એપ્લીકેશન્સમાં નવનીતા માટે મંચ પુરૂ પાડશે. કોઈપણ વ્યક્તિ, કંપની, વિદ્યાર્થી, એનજીઓ વગેરે લોકો માટે ઉપયોગી સુરક્ષા એપ્લીકેશન બનાવી શકે છે અને આ પોર્ટલ પર મૂકી શકે છે. વેબ પોર્ટલ શરૂ કરવાનો ઉદ્દેશ્ય સુરક્ષા સંબંધી એપ્લીકેશન્સમાં નવીનતાને પ્રોત્સાહન આપવા ઉપરાંત લોકો માટે એક સુરક્ષિત અને વિશ્વસનિય એપ્લીકેશન તૈયારી કરવાનો છે. લોકો પાસે પોતાની આવશ્યતા અનુસાર સૌથી શ્રેષ્ઠ એપ્લીકેસનની પસંદગી કરવાનો વિકલ્પ રહેશે. મંત્રાલય આ વેબસાઈડ પર મહિલાઓ, બાળકો, વરિષ્ઠ નાગરિકો અને અન્ય નબળા વર્ગોને મુશ્કેલ પરિસ્થિતિમાં સુરક્ષા ઉપલબ્દ કરાવનાર એપ્લીકેશનને પ્રાથમિકતા આપશે. આ ઉપરાંત, સાયબર અપરાધો અને તેના પર દેખરેખ, લોકોમાં સુરક્ષા પ્રત્યે જાગૃતિ વધારવી, તેમને કાનૂની પ્રાવધાનો વિશે માહિતી પૂરી પાડવી વગેરે એપ્લેકેશન્સ પર પણ ભાર મૂકશે. આધારભૂત તપાસના માપદંડ અનુસાર એપ્લીકેશન વિકસિત કરનારને કલાઉડ આધારિત વાતાવરણમાં તેમની એપ્લીકેશન લગાવવા માટે હાર્ડવેર અને મિડલ વેર સંસાધનની અનુમતિ આપશે.

મંત્રાલય દ્વારા ગઠિત એક વિશેષજ્ઞ ઉપયોગિતા, નવાચાર, જન સ્વીકૃતિ, પ્રયુકત તકનીક, પ્રબંધન ઉન્નયન, પ્રતિક્રિયા વગેરે જેવા માપદંડો પર એપ્લીકેશનનું મુલ્યાંકન કરશે. મંત્રાલય માત્ર સુરક્ષા પરીક્ષણમાં સફળ એપ્લીકેશન્સને જ પોતાની વેબસાઈટ પર મૂકવાની અનુમતિ આપશે.

### સમાચાર ઝલક

- ગુજરાતમાં પોલીસદળની ભરતી માટે નવ લાખ ઉમેદવારો - જગ્યા ૮૦૦૦ છે.
- સૂરતના રાજસ્થાની હીરાના વેપારીઓનું કરોડોનું હવાલા કૌભાંડ.
- ભાવનગરમાં પીઠી ચોળેલ વરરાજાનું અકસ્માતમાં મોત.
- સુરેન્દ્રનગરમાં સી.યુ. શાહ કોલેજમાં વિદ્યાર્થીઓનું ફી વધારા મુદ્દે આંદોલન ૫૦ ટકા ફી ઘટાડી.
- ગુજરાતમાં કપાસમાં તારમી મંદી. ૫ વર્ષમાં અડધાથી ઓછો ભાવ.
- બાબરા ગામે સમૂહ લગ્નમાંથી ૧૦ બાળલગ્નો અટકાવાયા.
- મહેશ કનોડિયાની સુપુત્રી પુજાનું કમળી થવાથી અવસાન.
- ગુજરાતભરમાં સ્વાઈન ફ્લુના વાવર. કચ્છ-સૂરતમાં સૌથી વધુ દર્દીઓ.
- સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ ગુજરાતભરમાં ઉજવાઈ.
- સમન્સના નામે હેરાનગતિ ન કરવા કસ્ટમ-એકસાઈઝના અધિકારીઓનેસૂચના.
- મુંબઈના સિદ્ધિ વિનાયક મંદિર પર આતંકી હુમલાના ભયથી સુરક્ષા વધારાઈ.
- વકીલોને દર પાંચ વર્ષે સનદ રીન્યુ કરાવાનો નિર્ણય મોકુફ રખાયો.
- વિશ્વનું પ્રથમ સોલાર પાવર્ડ વિમાન અમદાવાદમાં આવશે.
- કેસના મહત્વના તબક્કે મુદતો પાડી શકાય નહિ-સુપ્રિમ કોર્ટ.

## કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં જોરદાર હિમવર્ષા

નવી દિલ્હી,તા. ૨૩

સમગ્ર ઉત્તર ભારતમાં કોલ્ડવેવ અને ધુમ્મસના કારણે જનજીવન પર પ્રતિકુળ અસર તઈ છે. આજે જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઉંચાણવાવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં પંજાબ અને હરિયાણામાં પણ ભારે વરસાદ થયો છે. રાજસ્થાનમાં પણ હળવો વરસાદ થયો છે. આજે દેશભરમાં ૭૯ટ્રેનો રદ કરવામાં આવી હતી. જ્યારે સેકડો ટ્રેનો મોડેથી દોડી રહી છે. વિમાની સેવા પર પણ માઠી અસર થઈ છે. ટ્રેનો રદ કરવામાં આવતા હજારો પ્રવાસી અટવાઈ પડ્યા છે. જમ્મુ કાશ્મીરમાં કાતિલ ઠંડીનો અનુભવ લોકો કરીરહ્યા છે. લડાખ પ્રદેશ સહિત કશ્મીર ડિવીઝનમાં લઘુતમ તાપમાનમાં વધુ ઘટાડો થયો છે. લડાખના ફ્રન્ટિયર પ્રદેશ લેહમાં પારો માઈનસ ૧૧.૭ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે. રાજ્યમાં સૌથી વધારે ઠંડી લેહમાં નોંધાઈ છે. અહીં લોકોની હાલત કફોડી બનેલી છે.



કારગીલમાં માઈનસ ૧૧.૪ ડિગ્રી તાપમાન રહ્યું છે. ગુલમર્ગમાં માઈનસ ૭.૮ ડિગ્રી તાપમાન રહ્યું છે. ગુલમર્ગમાં નવેસરથી હિમવર્ષા થઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આજે સવારે દેશભરમાં કુલ ૭૯ ટ્રેનો રદ કરાઈ છે. ૧૦૦ ટ્રેનો લેટ પડી છે. વિમાની સેવાનીપણઆવી સ્થિતી રહી છે. જેથી લોકો અટવાઈ પડ્યા છે. દિલ્હીમાં વરસાદ થયો છે. જ્યારે હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા થઈ છે. જેથી ઠંડીમાં વધારો થયો છે. ઉત્તર ભારતના મોટા ભાગના વિસ્તારોમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસના કારણે જનજીવન ખોરવાઈ ગયુ છે. લોકોને પોતાના ઘરમાં રહેવાની ફરજ પડી રહી છે. ધુમ્મસ અને કોલ્ડવેવના કારણે આજે ૭૯ ટ્રેનોને રદ કરવામાં આવી છે. ટ્રેનોના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યા છે. મોટા ભાગની ટ્રેનો મોડેથી દોડી રહી છે. હવામાનની ખરાબ સ્થિતીના કારણે લોકો પણ ભારે પરેશાન થયેલા છે. ઉત્તર ભારતના મોટા ભાગના રાજ્યો તીવ્ર ઠંડીના સકંજામાં આવી ગયા છે.

ટ્રેન અને વિમાની સેવા ખોરવાઈ જતા હજારો લોકોને ઠંડી વચ્ચે રહેવાની ફરજ પડી છે. આ સ્થિતીમાં હાલ સુધાર થાય તેવી શક્યતા ખુબ ઓછી દેખાઈ રહી છે. વિમાનીમથકે વિજિબિલિટી ઉલ્લખનીય રીતે ઘટી ગઈ છે. લાંબા અંતરની ટ્રેનોને પણ અસર થઈ છે. જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન અને પંજાબ તેમજ ઉત્તર પ્રદેશમાં વધુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. વિવિધ વિસ્તારોમાં તાપમાન બેથી પાંચ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયું છ. જ્યારે જમ્મુ કાશ્મીરના મોટા ભાગના વિસ્તારોમાં માઈનસમાં તાપમાન છે.જમ્મુ કાશ્મીર, હિમાચલ અને ઉત્તારાખંડમાં હિમવર્ષાના કારણે ચારેબાજુ બરફની ચાદર છે. લોકોને હાલ કોઈ રાહત ન મળે તેવી વકી છે.